**GJNV110011092025**

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | ૧૯ – ૧૨ – ૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | ૧૯ – ૧૨ – ૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૨૭ – ૦૩ – ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૩ | ૦૮ |

**ફોર્મ–એ** **આંક : ૧૪**

# મે. વઘઈના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.વઘઈ.

**[ચુકાદાની તારીખ : ૨૭/૦૩/૨૦૨૬]**
**[ફોજદારી કેસ નંબર : ૯૬૭/૨૦૨૫]**

(વઘઈ પોલીસ સ્ટેશન ગુના રજિસ્ટર નંબર : ૧૧૨૧૯૦૦૭૨૫૦૪૨૯/૨૦૨૫)

| | |
|---|---|
| ફરિયાદી | સરકારશ્રી |
| ફરિયાદપક્ષે રજૂઆત | વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી એચ.સી.બાગુલ |
| આરોપી | **વનરાજભાઇ શંકરભાઇ ચૌધરી,**<br>ઉ.આ.૨૬ વર્ષ, ધંધો–મજુરી<br>રહેવાસી : સીંગલ ફળિયું, વઘઇ, તા.વઘઈ, જિ.ડાંગ. |
| બચાવપક્ષે રજૂઆત | વિદ્વાન વકીલશ્રી જે.એસ.ગામીત |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૭/૦૯/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તરીખ | ૨૭/૦૯/૨૦૨૫ |
| આખરી અહેવાલ | ૧૯/૧૨/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ઘડ્યા તારીખ | ૧૯/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૫/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| આખરી હુકમ | આરોપીને નિર્દોષ ઠરાવેલ છે. |

## આરોપીની વિગત

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો બી.એન. એસ.એસ.ની કલમ-૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વનરાજભાઇ શંકરભાઇ ચૌધરી | ૨૭/૦૯/ ૨૦૨૫ | ૨૭/૦૯/ ૨૦૨૫ | પ્રોહિબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ) | નિર્દોષ | - | - |

## <u>ફોર્મ-સી</u>

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

### એ.ફરિયાદપક્ષ

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| P.W.1 Ex-6 | સાધુરામભાઇ પાંડુભાઇ ખાનોલી | પંચ શાહેદ |
| P.W.2 Ex-8 | કલ્પેશભાઇ મચલુભાઇ પવાર | પંચ શાહેદ |
| P.W.3 Ex-11 | અશોકભાઇ મગનભાઇ પટેલ | ફરિયાદી |
| P.W.4 Ex-13 | મહેશભાઇ રામજીભાઇ ગોંડલીયા | તપાસ કરનાર અમલદાર |

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

### એ.ફરિયાદ:

| **અનુક્રમ** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | Ex-7 | મુદ્દામાલ રીકવરી પંચનામું |
| ૨ | Ex-12 | ફરિયાદ |

## -: ચુકાદો :-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીનાઓ તારીખ : ૨૭/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૭/૩૫ વાગ્યાના સુમારે મોજે વઘઈ, સીંગલ ફળિયા ખાતે પોતાના કબજામાં ગેરકાયદેસર વગર પાસ પરમિટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ લોર્ડ જોન માર્ટીન ડીલક્ષ વ્હીસ્કી ૧૮૦ મિ.લિ. બાટલીનંગ-૦૪ પ્રોહિ મુદ્દામાલ રાખી પકડાઇ જઇ ગુનો કરતા, ફરિયાદીએ આ કામે આરોપી વિરુદ્ધ વઘઈ પોલીસ સ્ટેશન ગુના રજિ. નં.૧૧૨૧૯૦૦૭૨૫૦૪૨૯/૨૦૨૫ થી ગુનો નોંધાયેલ છે. જે ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે બનાવની તપાસ કરી, બનાવ બાબતે પંચનામું કરી લાગતા વળગતા શાહેદોના નિવેદન નોંધી આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા જણાઈ આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) ત્યારબાદ, આરોપીને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતા પોલીસ પેપર્સની નકલો પૂરી પાડયા બાદ આંક-૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આરોપીનો જવાબ આંક-૦૫ થી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા આરોપી વિરુદ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરિયાદપક્ષ દ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

(૩) ઉપર મુજબનો પુરાવો રજૂ થયા બાદ સદર કામના આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ તથા બંને પક્ષકારોની દલીલોના અંતે મારા ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

૧. શું ફરિયાદ પક્ષ નિ: શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીનાઓ તારીખ : ૨૭/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૭/૩૫ વાગ્યાના સુમારે મોજે વઘઈ, સીંગલ ફળિયા ખાતે પોતાના કબજામાં ગેરકાયદેસર વગર પાસ પરમિટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ લોર્ડ જોન માર્ટીન ડીલક્ષ વ્હીસ્કી ૧૮૦ મિ.લિ. બાટલીનંગ-૦૪ પ્રોહિ મુદ્દામાલ રાખી પકડાઇ જઇ, ધી પ્રોહિબીશન એકટની કલમ-૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ?

**(૪)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યારપછીના આપેલ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**(૫)** સદર કામે ફરિયાદપક્ષ તરફેના રેઈડ/મુદ્દામાલ કબજે કર્યાના પંચ શાહેદ સાધુરામભાઈ પાંડુભાઈ ખાનોલીનાઓને આંક-૦૬ તથા પંચ શાહેદ કલ્પેશભાઈ મચલુભાઈ પવારનાઓને આંક-૦૮ થી સોગંદ ઉપર તપાસેલા છે. સદર પંચ શાહેદો જણાવે છે કે, બનાવ કઈ તારીખે બનેલો તેની તેઓને ખબર નથી. આહવા-ડાંગ લોકલ ક્રાઇમ બ્રાંચ પોલીસે તેઓને વઘઈ મેઇન બજાર પાસે જાહેર રોડ ઉપર બોલાવીને એક કાગળ પર સહી લીધેલી. સદર પંચ શાહેદોને આંક-૦૭ વાળુ પંચનામું બતાવવામાં આવતા જેમાં પંચ શાહેદ

નં.૧ તથા નં.૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચ શાહેદોને અદાલતની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરાવી તેઓની વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલી નથી. આરોપી તરફે સદર પંચ શાહેદોની ઊલટ તપાસ કરતા તેઓએ સ્પષ્ટપણે કબૂલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી અને તૈયાર પંચનામામાં શું લખેલ તેની કોઈ જાતમાહિતી નથી.

(૬) ફરિયાદપક્ષ તરફે ફરિયાદી અશોકભાઇ મગનભાઇ પટેલ નાઓને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ તા.૨૭/૦૯/૨૦૨૫ ના રોજ તેઓ તથા અનાર્મ હે.કો. લક્ષ્મણભાઈ જે. ગવળી તથા બીજા લોકલ ક્રાઈમ બ્રાંચનાં માણસો સાથે કલાક ૧૨/૦૦ વાગ્યાથી જિલ્લા વિસ્તારમાં ખાનગી વાહનમાં પ્રોહી/જુગાર પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૬/૫૫ વાગ્યે વઘઈ ટાઉન બજાર આવતા તેઓને બાતમી હકીકત મળેલ કે, વઘઈ સીંગલ ફળીયામાં રહેતો એક ઈસમ પોતાના ઘરે દેશી હાથ બનાવટનો દારૂ રાખી વેચાણ કરે છે. જેથી બાતમી હકીકતના આધારે રાહદારી પંચોના માણસો બોલાવી સદર હકીકતથી વાકેફ કરીને તે ઈસમના ઘરે પ્રોહી રેડ કરતા ત્યાં તે ઈસમ તેના ઘરે હાજર મળી આવતા પંચો રૂબરૂ નામઠામ પુછતાં તેણે પોતાનું નામ વનરાજભાઈ શંકરભાઈ ચૌધરી રહે. સીંગલ ફળીયું, તા.વઘઈ ભરવાડ ફળીયુ, તા.વઘઈ, જી.ડાંગનાઓ હોવાનું જણાવેલ. તેના ઘરના આજુબાજુમાં ઝડતી તપાસ કરતા તેના ઘરનાં પજારીનાં ભાગે એક કાપડની થેલીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ લોર્ડ જોન માર્ટીન ડીલક્ષ વ્હીસ્કી ૧૮૦ મી.લી.ની બાટલી નંગ– ૦૪ મળી આવેલ. જે બોટલ ઉપર બેચ નંબર જોતાં નં. 058 SEP 2025 લખેલ છે તથા પ્રિન્ટેડ કિં. રૂા. ૫૦/–

લખેલ હોય જેથી સદરહું મુદ્દામાલ રાખવા માટેનું પાસપરમીટ માંગતા નહિ હોવાનું જણાવેલ. જેથી બાટલી નંગ –૦૪ ની કિંમત રૂા. ૨૦૦/– ગણેલ. આરોપી હાજર મળી આવેલ હોય પંચો રૂબરૂ પંચનામું કરી ઈ–સાક્ષ્ય એપ્લીકેશનમાં અપલોડ કરેલ. તેની વિરુદ્ધમાં ધોરણસર થવા માટે તેઓએ તેની સામે ફરિયાદ આપેલ. જે અસલ ફરિયાદ તેમને બતાવવામાં આવતા તે ઓળખી બતાવે છે. જેને આંક–૧૨ થી રજૂ રાખેલ છે. તેઓએ આરોપીને નામ. કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઊલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત કબૂલ રાખેલ છે કે, બનાવવાળું સ્થળ ગ્રામીણ વિસ્તાર છે અને ત્યાં ઘણા બધા ઘરો આવેલા છે. એ વાત કબૂલ રાખેલ છે કે, ઘરની બાજુમાં કોઇ કાચી કે પાકી વાડ આવેલી નથી. એ વાત કબૂલ રાખેલ છે કે, આ કામે પંચો જીઈઆર જી.આર.ડી.ના માણસો છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ખોટી જુબાની આપું છું.

**(૭)** ફરિયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર મહેશભાઈ રામજીભાઈ ગોંડલીયા નાઓને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે, તેઓએ વઘઈ પોલીસ સ્ટેશનના બાતમી નંબર : ૧૧૨૧૯૦૦૭૨૫ ૦૪૨૯/૨૦૨૫, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાની તપાસ સંભાળી લઈ શાહેદોના નિવેદનો લીધેલા. તેઓને આંક–૦૮ વાળું પંચનામું બતાવવામાં આવતા જેમાં પંચોની તથા પોતાની સહી ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદરહુ ગુનાની તપાસ વઘઇ પો.સ્ટે.ના એ.એસ.આઇ. મહેશભાઇ રામજીભાઇ ગોંડલીયા નાઓએ કરેલી અને તેઓની તપાસના અંતે આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલી.

બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઊલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત કબૂલ રાખેલ છે કે, બનાવવાળું સ્થળ ગ્રામીણ વિસ્તાર છે અને ત્યાં ઘણા બધા ઘરો આવેલા છે. એ વાત કબૂલ રાખેલ છે કે, આ કામના પંચોના માણસો હોમગાર્ડ તથા પોલીસ સ્ટાફના માણસો છે. એ વાત કબૂલ રાખેલ છે કે, ચાર્જશીટમાં જણાવેલ શાહેદો પોલીસ સ્ટાફના માણસો છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે કહેવાતો ગુનો આરોપીએ કરેલ ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરી આરોપી વિરુદ્ધ ખોટી જુબાની આપુ છુ.

(૮) ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ તમામ પુરાવો સંયુકત રીતે વંચાણે લઈએ તો એ હકીકત ફલિત થઈ આવે છે કે, પંચ શાહેદોએ અદાલત સમક્ષના પુરાવામાં આરોપી પાસેથી મુદ્દામાલ મળી આવ્યાની હકીકતનો ઈન્કાર કરી પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી અને પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધાનું જણાવેલ છે. પંચનામાની હકીકત બાબતે તેઓ કાંઈ જાણતા ન હોવાની હકીકત જણાવે છે. ફરિયાદીએ અદાલત સમક્ષ પોતાની જુબાની આપી ફરિયાદપક્ષને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર શાહેદોના પુરાવાનું સમર્થન મળેલ નથી.

આમ, ફરિયાદી તથા તપાસ કરનાર અમલદાર કે જેઓ પોલીસના માણસ હોઈ સ્વાભાવિક રીતે જ પોતાનો કેસ પુરવાર કરવામાં રસ હોઈ શકે. પરંતુ તેઓની જુબાનીને આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ શાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી. વધુમાં, આ કામે મુદ્દામાલ સંદર્ભમાં કોઈ એફ.એસ.એલ.નો રિપોર્ટ ચાર્જશીટ સાથે રજૂ કરવામાં આવેલ નથી તેમજ એવો કોઈ રિપોર્ટ રજૂ કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા કોઈ મુદતની માંગણી કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદપક્ષ આ કામે જુબાનીથી ફરિયાદની હકીકત પુરવાર કરી શકેલ ન હોય ફરિયાદી તથા તપાસ કરનાર અમલદાર કે

જેઓ પોલીસના માણસો છે અને હિત ધરાવનાર શાહેદો છે. જેથી તેઓની એકલાની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૯) સામાન્ય સંજોગોમાં પ્રોહીબીશન વિગેરે જેવા કેસમાં સૌપ્રથમ રેઈડ કરવામાં આવે છે અને તે રેઈડ દરમ્યાન ગુનો થતો ફલિત થતું હોય તો તે અંગેનું પંચનામુ કરી લઈ તેના આધારે ફરિયાદ આપવામાં આવે છે. એટલે કે આવા કેસમાં પંચનામું એ પાયાનો પુરાવો બને અને ફરિયાદપક્ષનો આધાર આ પંચનામા ઉપર રહે છે. એટલે કે ફરિયાદપક્ષે પંચનામું સાબિત કરવું જોઈએ. જો ફરિયાદપક્ષ પંચનામું સાબિત કરવામાં નિષ્ફળ જાય તો પંચનામાના આધારે કરવામાં આવેલી ફરિયાદને પૂરતું સમર્થન મળી રહેતું હોય તો પંચનામા જેવો પુરાવો સાબિત ના થયો હોય તો તે ફરિયાદનું કોઈ પુરાવાકીય મૂલ્ય રહેતું નથી. હાથ પરના કેસમાં પણ પંચનામાના શાહેદોએ સમર્થનકારી જુબાની આપેલ ન હોય ત્યારે ફરિયાદ કે ફરિયાદપક્ષના પોલીસ શાહેદોના પુરાવાનું પુરાવાકીય મૂલ્ય ઉપસ્થિત થતું નથી.

(૧૦) વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટના AMIN MOHAMMED ARAB Vs. STATE OF GUJARAT, CRIMINAL REVISION APPLICATION NO.151 OF 2012 Dt.10-01-2024 ના ચુકાદાના રીલેવન્ટ પેરા જોવામાં આવે તો,

> 5.2 From a perusal of the material on record, it is revealed that both the Courts below have given improper reasons, de hors the very fundamental principle of criminal jurisprudence that unless a person is proved guilty, he / she is deemed to be innocent and therefore, it was the duty of the prosecution to lead cogent and credible evidence, since, conjectures and surmises cannot be made basis for conviction. Further, the evidence produced or led by the prosecution should prove its case beyound reasonable doubt, against the concerned accused person. Unfortunately, there is nothing on the record

to show that the prosecution successfully proved that the shop, from which the bottles of IMFL were seized, belonged to the Revisionist. Further, the prosecution also does not appear to have led any cogent evidence, so as to attract the presumption under Section 116B of the Prohibition Act and to believe that the bottles of IMFL contained original labels and their seals were in tact. In the considered opinion of this Court, there appears to be total non-application of mind on the part of the Courts below in applying the provisions of Section 106 and 114E of the Indian Evidence Act and to make the accused- Revisionist to disprove the case of the prosecution. As stated above, conviction cannot be based solely on the evidence of police officials, who are interested witnesses and therefore, in absence of any independent witness or evidence, the orders passed by the Courts below cannot be sustained.

આમ, ઉપરોકત તમામ હકીકતોને લક્ષમાં લેતા, આ કામનો મુદ્દામાલ આરોપીના સભાનપણામાં કબજા ભોગવટામાંથી મળી આવ્યાનું પંચ શાહેદોના પુરાવાથી પુરવાર થતું નથી. આમ ફરિયાદપક્ષ આ કામે આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય **મુદ્દા નં.૧** નો જવાબ નકારમાં ઠરાવી **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## :: <u>હુકમ</u> ::

૧. આ કામના આરોપી **વનરાજભાઈ શંકરભાઈ ચૌધરી,** ઉ.આ.૨૬ વર્ષ, ધંધો–મજુરી, રહેવાસી : સીંગલ ફળિયું, વઘઇ, તા.વઘઈ, જિ.ડાંગ નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના હાલના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબ મુદ્દામાલ અપીલ સમય વિત્યેથી કમિટી રૂબરૂ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ આરોપીના જામીન તથા જાત મુચરકો અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૨૭મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date : ૨૭–૦૩–૨૦૨૬

Place : વઘઈ

સહી/–

**(પ્રકાશ એસ. રૌંદલ)**

જ્યુડિ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, વઘઈ.

(જી.જે.૦૧૪૩૭)

S.S.M.